






# જિલ્લાની મોટા ભાગની શાળાઓમાં કોમ્પ્યુટર લેબ બંધ હાલતમાં છે : તંત્ર

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાની મોટા ભાગની પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ બંધ હોવાનો ચોંકાવનારો એકરાર સામાન્ય સભાની પ્રશ્નોત્તરી દરમ્યાન શિક્ષણ વિભાગે કર્યો છે.

કોંગ્રેસના અજીતસિંહ રાઠોડે આ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણ વિભાગે જણાવ્યુ છે કે સર્વ શિક્ષા અભિયાન દ્વારા વર્ષ ૨૦૦૫-૬માં ગાંધીનગર અને કલોલ તાલુકાની શાળાઓમાં કોમ્પ્યુટર લેબ ફાળવવામાં આવેલ હતી.

૨૦૧૧-૧૨ માં દહેગામ તાલુકામાં ૭ શાળામાં કોમ્પ્યુટર લેબ છે. તેમાં ૪૩ કોમ્પ્યુટર ચાલુ છે અને ૧૨ કોમ્પ્યુટર બંધ હાલતમાં છે.

માણસા તાલુકામાં ૨૬ શાળામાં કોમ્પ્યુટર લેબ છે તેમાં ૧૩૩ કોમ્પ્યુટર ચાલુ છે અને ૧૪૪ કોમ્પ્યુટર બંધ હાલતમાં છે.

તંત્રએ જણાવ્યુ કે તા. ૩-૯-૨૦ના સર્વ શિક્ષા અભિયાનના સંદર્ભે અન્વયે બિન કાર્યરત કોમ્પ્યુટર અને અન્ય પેરિફેરલ્સ (ઈ.વેસ્ટ)ના નિકાલ કરવા મંજૂરી મળતાં તેનો નિકાલ કરવામાં આવેલ છે.

જિલ્લાઓની પ્રા. શાળાઓને કોમ્પ્યુટર સજ્જ કરવાનો સંકલ્પ ગાંધીનગર ટાઉનહોલમાં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્રની સર્વ શિક્ષા અભિયાન યોજના અંતર્ગત લીધો હતો તે પળને યાદ કરી હતી. હાલ રાજ્યમાં અને પંચાયતમાં ભાજપ સત્તા પર છે છતાં જિલ્લાની પ્રા. શાળાઓની આ અવદશા જોઈ દયા આવે છે તેમ તેમણે કહ્યુ હતુ.

જિલ્લા પંચાયત પ્રમુખે સભ્યશ્રીની ચિંતામાં સહભાગી થઈ ઝડપથી આ દિશામાં કાર્યવાહી કરવામાં આવશે તેવી હૈયાધારણા આપી હતી.

# સમી સાંજે શહેરમાં ઝરમર વરસાદ -આકરા બફારાથી નગરજનો ત્રસ્ત

## રોજબરોજ આકાશી નઝારો નિખરે છે પરંતુ વરસાદ ગાંધીનગરની બાઉન્ડ્રીથી આગળ વધતો અટકી જાય છે

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં દિવસનો આકરો તાપ કુણો પડી ગયો છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી વરસાદી ઉકળાટથી નગરજનો પરેશાન છે. આકાશમાં રોજબરોજ ગોરંભાતા વરસાદી વાદળો વચ્ચે ભેજનુ પ્રમાણ પણ વિશેષ રીતે વધ્યુ છે. જેના લીધે દિવસ દરમિયાન અસહ્ય બફરો અનુભવતા નગરજનો સવાર સાંજ નભ તરફ નજર માંડીને મેઘરાજાના વધામણા કરવા ઉત્સુક જોવા મળે છે. આજે પણ દિવસના અંતે સાંજે આકરી ગરમી અને ઉકળાટના અંતે પણ વરસાદી છાંટણા વરસ્યા હતા પરંતુ ધોધમાર વરસાદ આવ્યો ન હતો.

ગાંધીનગરમાં જુલાઇ મહીનાના પ્રાંરભે પણ હજુ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઇ નથી. શહેરના સેકટરોમાં છુટાછવાયા છાંટણા વરસાવી અદ્રશ્ય થઇ જતા મેઘરાજાના મંદ મિજાજથી નગરજનો બેચેની અનુભવી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી છવાયેલા વાદળિયા વાતાવરણના અંતે મહત્તમ તાપમાન ૩૬ ડીગ્રીની આસપાસ રહે છે. જયારે લઘુત્તમ તાપમાનમાં કોઇ વિશેષ ફેરફાર જોવા મળતો નથી અલબત્ત લઘુત્તમ તાપમાન પણ ૨૬ થી ૨૭ ડીગ્રી વચ્ચે રહે છે. શહેરીજનો વરસાદની વાટ નિહાળી રહ્યા છે. આકાશમાં રોજબરોજ વરસાદી વાદળોની અવરજવર જોવા મળે છે. પરંતુ જળ ભરેલા વાદળો વરસ્યા વિના વિખેરાઇ જતા શહેરીજનો આકરા બફારાથી પરેશાન છે.

આજે પણ દિવસ દરમિયાન વાદળોની અવરજવર વચ્ચે સાંજે આકાશમાં વરસાદી નઝારો નિખર્યો હતો પરંતુ કોઇક ઠેકાણે નામના છાંટણા વરસાવી વાદળો વિખેરાઇ ગયા હતા. સાંજના સમયે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધીને ૭૩ ટકા રહ્યુ હતુ જેના લીધે નગરજનો ઉકળાટથી પરેશાન થઇ ગયા હતા.

મોડી સાંજ સુધી વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ જો કે વરસાદ આવ્યો ન હતો. દિવસે ગરમીના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો થયો છે પરંતુ રોજબરોજ ગોરંભાતા વરસાદી વાદળો વચ્ચે નગરજનો આકરો બફારો વેઠી રહ્યા છે જયારે વરસાદ આવતો નથી આજે સાંજે પણ કોબા રાયસણ માર્ગ સુધી વરસાદી ઝાપટાથી પાણી પાણી થઈ ગયુ હતુ. પરંતુ ગાંધીનગરના પ્રવેશદ્વારથી આગળ વધતા મેઘરાજા અટકી ગયા હતા. જેના લીધે શહેરીજનોની વરસાદની આશા ઠગારી નિવડી હતી.

# જિલ્લા પંચાયતના હયાત બિલ્ડીંગની ક્ષમતા અને સલામતિ અંગે અભ્યાસ કરાવાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા પંચાયતના હયાત બિલ્ડીંગની ક્ષમતા અને સલામતી અંગે ખાસ અભ્યાસ કરાવવાનો મહત્વનો નિર્ણય ગઈકાલે મળેલ સામાન્ય સભામાં કરવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે સુરતની કેન્દ્ર સરકાર સંચાલિત એન્જીનીયરીંગ કોલેજને આ અભ્યાસ કરી પ્રમાણપત્ર આપવા માટે જણાવવામાં આવ્યુ છે. આ કોલેજ દ્વારા આગામી ૪૫ દિવસમાં આ અભ્યાસ પૂર્ણ કરી પોતાનો અહેવાલ આપશે.

સૂત્રોના જણાવ્યાનુસાર જિલ્લા પંચાયતના વર્તમાન બિલ્ડીંગને ૪૦ વર્ષ જેટલો સમય થઈ ગયો છે તેથી તેની ક્ષમતા અને સલામતી અંગે અભ્યાસ કરાવવો જરૂરી નહિ પણ અનિવાર્ય બન્યો છે.

આ અભ્યાસ અને પ્રમાણપત્ર માટે કોલેજને તેની ફી પેટે રૂ. ૩.૫૦ લાખ ચુકવવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીના નવા મકાનના મુદ્દે કોંગ્રેસના સભ્યોએ ચૂંટલો ભરતાં કહ્યુ હતું કે બે વર્ષથી પંચાયતમાં અને વીસ વર્ષથી સરકારમાં સત્તા પર છો પણ પંચાયતનું નવુ મકાન મંજૂર નથી કરાવી શક્યા આનાથી નબળા નેતૃત્વનો બીજો શું પુરાવો હોઈ શકે.

જિલ્લા પંચાયતના બિલ્ડીંગ માટે સત્તાધારી પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચે મતભેદ છે એક તબક્કે પંચાયત વિભાગના અધિક મુખ્ય સચિવે પહેલ પણ કરી હતી પરંતુ મતભેદો ધ્યાને આવતાં જ ફાઈલ પુનઃ અભેરાઈએ ચડી ગઈ છે. જિલ્લા પંચાયતના નવા મકાન માટે અગાઉ ત્રણ વખત સામાન્ય સભાએ પ્રસ્તાવો પણ પસાર કરી સરકારને મોકલ્યા છે પરંતુ કોંગ્રેસ પંચાયતમાં સત્તા પર હોવાથી તે મુદ્દો આગળ વધ્યો ન હતો. વર્તમાન પ્રમુખ દિલીપભાઈ પટેલે આ મુદ્દે પંચાયત મંત્રી, મુખ્યમંત્રી, કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહને પણ રજુઆત કરી ચુક્યા છે. વહીવટીય પાંખ અને સત્તાધારી પક્ષ વચ્ચેના ગજગ્રાહને લઈ હજુ સુધી નિર્ણય થયો નથી.

# ગુડા હરિયાળી નિખારવા માટે નવા ૬ ઉદ્યાનોનુ નિર્માણ કરશે

## બગીચાઓના નિર્માણ અન્વયે તમામ જાળવણીની જવાબદારી પણ આગામી ત્રણ વર્ષ માટે કોન્ટ્રાકટર્સની રહેશે : નવા બગીચાઓમાં બાળકો તેમજ સિનિયર સીટીઝન્સ માટે વિશેષ સુવિધા ઉભી કરાશે

ગાંધીનગર તા ૫

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નવા ૬ ઉદ્યાનોનુ નિર્માણ કરાશે જયારે ઉદ્યાન નિર્માણની આ યોજના અન્વયે રૂ ૮.૭૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ બગીચાઓમાં બાળકો માટે રમત ગમતના સાધનો સહીત વોકીંગ ટ્રેક અને ગજીબો પણ બનાવાશે જયારે ઉદ્યાનોની સુંદરતા અને સુવિધા જળવાઈ રહે તે માટે ત્રણ વર્ષ સુધી બગીચાઓની જાળવણીનુ કામ પણ જવાબદાર એજન્સીને સોંપવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કોર્પોરેશન વિસ્તારમાં પાંચ સહીત નવા ૬ ઉદ્યાનોના કામ વિવિધ ટાઉન પ્લાનીંગ સ્કીમના વિસ્તારમાં હાથ ધરાશે. જયારે આ અન્વયે રૂ ૮.૭૫ કરોડનો ખર્ચ કરાશે. જયારે આ યોજના અન્વયે ૩૬ મહીના સુધી બગીચાની જાળવણીનુ કામ કોન્ટ્રાકટર્સ દ્વારા કરવાનુ નિયત કરાયુ છે. જાહેર માળખાકીય સુવિધાના કામો પણ સ્થાનિક તંત્ર પર દબાણ વધારાયુ છે. ત્યારે આ કામગીરી વિશેષ રીતે થવાથી મતદારો પર અસર થતી હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. અલબત્ત સરકાર તરફે જોક વધતો હોવાનુ પણ મનાય છે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નવા ૬ બગીચા બનાવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જેમાં દરેક બગીચા પાછળ રૂ ૧.૪૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જયારે નવા બગીચાઓ તૈયાર કરાયા બાદ ચાર થી છ મહીનામાં ઉદ્યાનો ઉજ્જડ ન બને તેમજ બાળકો માટેના રમતગમતના સાધનો તેમજ વડીલો માટે ઉભી કરાયેલી બેઠક વ્યવસ્થાના ગજીબો ઉપરાંત મોર્નિંગ વોક કરવા માટેના વોક વે ટુંકા ગાળામાં કંગાળ હાલતમાં આવી ન જાય તેને ધ્યાનમાં રાખી જવાબદાર કોન્ટ્રાકટર્સને આગામી ત્રણ વર્ષ માટે જાળવણીની જવાબદારી પણ

● અનુસંધાન પાન-૭ પર




આવો આ વિશ્વ એલર્જી દિવસે આપણે સાથે મળીને એલર્જી સામે લડીએ.

World Allergy Day 2022, 8 JULY

આ વિશ્વ એલર્જી દિવસ અમારી સાથે ઉજવો અને એલર્જીની સંપૂર્ણ સારવાર વિષે જાણો.

તારીખ - ૦૭/૦૭/૨૦૨૨ ને ગુરુવાર , સમય : સવારે ૯ થી સાંજે ૭

એલર્જી નિદાન કેમ્પ



તારીખ - ૦૭/૦૭/૨૦૨૨ ને ગુરુવાર , સમય : સવારે ૯ થી સાંજે ૭

ડૉ. દેવી ગજ્જર (ENT સર્જન)
(કાન, નાક, ગળા ના નિષ્ણાંત)

આપ ના શરીર મા કેવા પ્રકારની એલર્જી છે તેનું સચોટ નિદાન અત્યાધુનિક ટેસ્ટ વડે અમારા ક્લિનિકમાં થઇ શકે છે. એલર્જી માટે ના તમામ પ્રશ્નો માટે ફ્રી કન્સલટેશન ઉપલબ્ધ.

સ્થળ – Hi-Tech Hospital, ઘ ૧ ૧/૨, સેક્ટર 3D, ગાંધીનગર

રજીસ્ટ્રેશન ફરજીયાત છે : 9409583530



**Gujarat State Petronet Limited**
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Reg. Off.: GSPC Bhavan, Sector-11, Gandhinagar-382010, Tel.: +91-79-23268500/ 66701001
Fax: +91-79-23268506, Website : www.gspcgroup.com, E-mail: investors.gspl@gspc.in

**NOTICE**
**(For the attention of Equity Shareholders of the Company)**

**Transfer of the Equity Shares of the Company to Investor Education and Protection Fund (IEPF) Authority**

This Notice is published pursuant to the provisions of the Investor Education and Protection Fund Authority (Accounting, Audit, Transfer and Refund) Rules, 2016, as amended ("the Rules").

The Rules, amongst other matters, contain provisions for transfer of all Shares in respect of which Dividend has not been paid or claimed by the Shareholders for seven consecutive years or more in the name of Investor Education and Protection Fund (IEPF) Demat Account.

Adhering to the various requirements set out in the Rules, the Company has communicated individually the concerned Shareholders whose Shares are liable to be transferred to IEPF Demat Account in respect of the Dividends declared by the Company for the FY 2014 – 15 for taking appropriate action(s). The list of concerned Shareholders is also available on the Company's website viz. www.gspcgroup.com under Investor Section.

In case the Company does not receive any communication from the concerned Shareholders for claim of Dividend on or before 3rd October, 2022, the Company shall, with a view to complying with the requirements set out in the Rules, transfer the Shares to the IEPF Demat Account by the due date as per procedure stipulated in the Rules without any further Notice to the Shareholder. **Please note that no claim shall lie against the Company in respect of unclaimed Dividend amount and/or Shares transferred to IEPF Authority pursuant to the said Rules.**

You are further requested to register your E-mail ID with the Demat Account through your Depository Participant (DP) immediately against shareholding in Demat Account.

**Attention to Physical shareholders:** As per SEBI Circular dated 3rd November, 2021 read together with SEBI Circular dated 14th December, 2021 on updating KYC, shareholders still holding shares in physical mode are requested to submit all the applicable forms as available on website of Company along with related documents in this regard in physical form, if not submitted till date. Unless KYC in all respect are registered for physical shareholding, no service request can be processed and the shareholding shall be frozen on or after 1st April, 2023 as advised by SEBI.

The concerned Shareholder(s) holding Shares in physical form and whose Shares are liable to be transferred to the IEPF Authority, may note that upon transfer of Shares to IEPF Authority, the original Share Certificate(s) which are registered in their name will stand automatically cancelled and be deemed non-negotiable. In case Shares are held in demat form, to the extent of Shares liable to be transferred, shall be debited from the Shareholders account.

The Shareholders may further note that, both the unclaimed Dividend and the Shares transferred to IEPF, if any, can be claimed back by them from IEPF Authority after following procedure prescribed by the Rules.

In case you have any queries or need any assistance may contact any of the following addresses:

| | |
|---|---|
| **Gujarat State Petronet Limited**<br>**Smt. Rajeshwari Sharma**<br>Corporate Office:<br>GSPL Bhavan, E-18, GIDC Electronic Estate, Nr. K-7 Circle, Sector-26, Gandhinagar-382028, Gujarat, India<br>Tel: 079-23268500/600<br>Email: investors.gspl@gspc.in<br>Website www.gspcgroup.com | **KFin Technologies Limited**<br>**Mr. Suresh D Babu**<br>Unit: Gujarat State Petronet Limited<br>Selenium Tower B, Plot Nos. 31 & 32<br>Financial District Nanakramguda,<br>Serilingampally Mandal,<br>Hyderabad – 500032, India<br>Ph: + 91 40 6716 1518<br>Toll Free No.: 1800–345-4001<br>Email: einward.ris@kfintech.com<br>Website: www.kfintech.com |

For Gujarat State Petronet Limited
sd/-
Rajeshwari Sharma
Company Secretary

Place: Gandhinagar
Date: 05th July, 2022



## જોઈએ છે
(ઓપન ઈન્ટરવ્યુ)

શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ સંચાલિત
**શ્રી છગનભા સાર્વજનિક પ્રાથમિક શાળા માટે શિક્ષકો જોઈએ છે.**

૧. B.A., B.Ed. - 1 મુખ્ય અંગ્રેજી, અથવા B.Sc., B.Ed
૩. B.A., B.Ed. - 1 મુખ્ય ગુજરાતી, ગૌણ સમાજવિદ્યા
૪. પ્રિ પી.ટી.સી. / પી.ટી.સી.-૧ (શિશુ વિહાર માટે)

લઘુત્તમ લાયકાત ઉપરાંત વધારાની લાયકાતના ગુણ મેરીટમાં લક્ષમાં લેવાશે.

**આ જગ્યાઓ હંગામી - ફક્ત દસ મહિના માટે જ છે.**

ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ સ્વહસ્તાક્ષરમાં અરજી અને અસલ પ્રમાણપત્રો સાથે નીચેના સ્થળે અને સમયે સ્વખર્ચે ઉપસ્થિત રહેવું.

**ઓપન ઈન્ટરવ્યુ : તા. ૮/૭/૨૦૨૨, સમય : સવારે ૧૦-૩૦ કલાકે**

**સ્થળ : શેઠ એસ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ એન્ડ શ્રી બીપી પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ, મુ. પો. સરઢવ, તા.જિ. ગાંધીનગર**

સહી/-
મંત્રી
શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ,
સરઢવ, તા.જિ. ગાંધીનગર



## PUBLIC NOTICE

THE DEATH CLAIM IN RESPECT OF VINODBHAI JAGJIVANBHAI PATEL WAS LODGED ON THE ROYAL SUNDARAM ALLIANCE INSURANCE COMPANY LIMITED AND IN THE ABSENCE OF AN ASSIGNMENT THE CLAIM IS BEING SETTLED IN FAVOUR OF SHRI / SMT. VINABEN VINODBHAI PATEL CLAIMANT. IN CASE THERE IS ANY OTHER CLAIMANT OF THE CLAIM HE OR SHE SOULD LODGE A CLAIM TO THAT EFFECT WITHIN ONE MANTH. IN THE EVENT OF FAILING TO DO SO THE CLAIM WILL BE SETTELED IN FAVOUR OF VINABEN VINODBHAI PATEL.

**ROYAL SUNDARAM ALLIANCE INSURANCE COMPANY LIMITED**
NO. 46, WHITES RAOD, CHENNAI - 600 014.


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com